**Suggestions :** The result of post-test shown that the knowledge of the students has increased, so the teaching of method used has proven to be effective. This study can be guide for teachers that innovative teaching is more effective than traditional teaching.

**Conclusion :** This research proves that the clear difference between pre-test and post-test indicates the academic development of the students. The experiment is successful and effective.

---



# વિષય : કા.પા. કાર્ય કરતા અને કા.પા કાર્ય ન કરતા શિક્ષકોની ટેવોનો અભ્યાસ અને તેની શિક્ષણ પર થતી આડઅસરનો અભ્યાસ.


**મોનાગીની પટેલ**

**(મ.શિ. કોમર્સ વિભાગ)**


આધુનિક યુગમાં અનેક ક્ષેત્રેસંશોધન થઈ રહ્યા છે તો શૈક્ષણિક ક્ષેત્રેસંશોધન કરવું જરૂરી છે.શિક્ષકો દ્વારા અસરકારક શિક્ષણ માટે બ્લેકબોર્ડ માટે મહત્વપૂર્ણ દ્રશ્ય સહાય છે જેનો ઉપયોગ થાય છે. શિક્ષક પોતાના રોજિંદા વર્ગખંડના શિક્ષણમાં આપણી સમસ્યાઓ ઉકેલવા,સૂત્રો કાઢવા, પ્રમેય સાબિત કરવા, આકૃતિ દોરવા, ભૌમિતિક આકૃતિ બનાવવા વગેરે માટે બ્લેકબોર્ડનો વ્યાપક ઉપયોગ કરે છે.

૧. **વિષયના શબ્દનો અર્થઘટન :** કા.પા. કાર્ય એટલે Black Board Work. જેમાં કોઈ પણ વિષયના કોઈ પણ ટોપીકની માહિતી ની સમજૂતી વિદ્યાર્થી સુધી યોગ્ય રીતે પહોચાડવા માટે કરવામાં આવતું કાર્ય.

૨. **સમસ્યા કથન :** ઉચ્ચતર માધ્યમિકનાં કા.પા. કાર્ય કરતા અને કા.પા. ન કરતા શિક્ષકોની ટેવો નો અભ્યાસ અને શિક્ષણ પર થતી આડઅસરનો અભ્યાસ.

૩. **સમસ્યા ક્ષેત્ર :** ભરૂચ જિલ્લાની નારાયણ વિદ્યાલયના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સમાં ભણાવતા શિક્ષકોને આ સંશોધન માટે પસંદ કરવામા આવ્યા છે.

- નારાયણ વિદ્યાલયમાં ભણતા ધોરણ ૧૧ અને ૧૨ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોનો અભ્યાસ કરવામાંઆવ્યો.

૪. **સમસ્યાને લગતા સંભવિત કારણો :** સમસ્યા સ્પષ્ટ થતા કા.પા. કાર્ય કરતા અને કા.પા. કાર્ય ન કરતા શિક્ષકોની ટેવોનો અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓને તેમના વિષયને સમજવામાં પડતી મુશ્કેલીઓમાં કેટલાક સંભવિત કારણો જવાબદાર છે અને હકીહત અંગે પણ સ્પષ્ટતા દર્શાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ ભણવામાં રૂચી ધરાવતા ન હોય, વિદ્યાર્થીઓ વિષય પ્રત્યે માનસિક રીતે તૈયાર ન હોય, વિદ્યાર્થીઓને થીયરી વિષય સમજવામાં અઘરો લાગતો હોય, વિદ્યાર્થીઓને શિક્ષકોએ કા.પા. કાર્યો નો ઉપયોગ કર્યા વગર સમજાવ્યું હોય, વિદ્યાર્થીઓ પ્રેકટીકલ વિષયમાં કા.પા.કાર્યમાં ધ્યાન ન આપતા હોય, શિક્ષકો દ્વારા કા.પા.કાર્ય યોગ્ય ન કર્યો હોય.

૫. **ઉત્કલ્પના ની રચના :** ઉત્કલ્પના એ સમસ્યાના ઉકેલનો સંભવિત માર્ગ છે. આ ઉત્કલન પ્રવાહો સમસ્યાના ઉકેલ ના માર્ગ તરફ લઈજાય છે. તેથી પ્રસ્તુત સમસ્યાની ઉત્કલ્પનાઓ નીચેમુજબ છે.

જો વિદ્યાર્થીઓને થીયરી વિષયમાં ચાર્ટ વિડિયો ppt ની રજૂઆત દ્વારા ભણાવવામા આવે તો તેઓને વિષયને યોગ્ય રીતે સમજી શકે છે. જો શિક્ષક દ્વારા કા.પા. કાર્યનો ઉપયોગ કર્યા વગર ભણાવવામા આવે તો તેઓ ધ્યાન કેન્દ્રિત કરશે નહી અને કંટાળાનો અનુભવ કરશે. જો શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને તેમના રસ પ્રમાણે કિવઝ દ્વારા, ગેમ્સ દ્વારા, પ્રશ્નાવલીદ્વારા ભણાવવામાં આવે તો વિદ્યાર્થીઓ એક્ટિવ પણ થશે અને યોગ્ય સમજ પણ પ્રાપ્ત કરી શકશે. જો શિક્ષક દ્વારા થતું કા.પા.કાર્ય યોગ્ય સ્વચ્છ અક્ષરો તેમજ આકર્ષક હશે તો વિદ્યાર્થીઓ ટોપીક પ્રત્યે ધ્યાન આપશે અને વિષય પ્રત્યે રસ દાખવશે.

૬. **માહિતીનું એકત્રીકરણ :** શૈક્ષણિક પ્રયોગો સફળ બનાવવા માટે સંશોધનોને વિશ્વસનીય બનાવવા માટે ઉપયોગી છે. આ સંશોધનમાં માહિતી એકત્રિત કરવા માટે ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સમાં ભણાવતા શિક્ષકોની રૂબરૂ વર્ગખંડમાં જઈ ચકાસણી કરવામાં આવી અને કા.પા.કાર્ય કરતા અનેકા.પા.કાર્ય ન કરતા ટેવોનો અભ્યાસ કરવામાં આવ્યો.

૭. **માહિતીનું પૃથક્કરણ :** પૃથક્કરણમાં કમ્પ્યુટર જેવું શકિતશાળી અને ચોકસાઈની ખાતરી કરાવતું યંત્ર દાખલ થયું તેથી માહિતીનું પૃથક્કરણની પ્રકિયાનું પણ પૃથક્કરણ શકય બન્યું છે. સંશોધન દરમિયાન જાણવા મળ્યું કે કા.પા. કાર્ય કરવાથી શિક્ષણ પર પોઝેટિવ અસર જોવા મળે છે.સંશોધન દરમિયાન જાણવા મળ્યું કે કા.પા. કાર્ય ન કરવાથી અમુક